# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬૭ તા.૧૯-૩-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-સ્કાઉટની વાર્ષિક પરીક્ષા અને સતત મિલન બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્કાઉટ પ્રવૃત્તિની વાર્ષિક પરીક્ષા તા.૩૧-૩-૧૬ના રોજ ૧૧-૦૦ થી ૧૨-૩૦ કલાકે લેવાની છે. તેના સંદર્ભમાં સ્કાઉટ ગાઈડ કબ બુલબુલનું સતત મિલન તા.૨૧-૦૩-૧૬ થી તા.૩૦-૦૩-૧૬ સુધી લેવાનું નક્કી કરેલ છે. જેથી સ્કાઉટીંગ પ્રવૃત્તિ ચલાવતા તમામ શિક્ષક ભાઈ બહેનોને નીચે મુજબના સમયે સતત મિલન(વર્ગ) લેવાની જાણ કરશો.

| | |
|---|---|
| સવાર પાળીની શાળા | શાળા છૂટ્યા બાદ એક કલાક |
| બપોર પાળીની શાળા | શાળા શરૂ થતાં પહેલાં એક કલાક |

સતત મિલન દરમ્યાન સ્કાઉટીગનો બાકી રહેલ અભ્યાસક્રમ પૂર્ણ કરવો તેમજ જુનું પરિણામપત્રક જોઈ તે મુજબ બાળકોની ૫૦ ગુણની મૌખિક કસોટી તા.૨૧-૩-૧૬ થી તા.૩૦-૩-૧૬ સુધીમાં પૂર્ણ કરી દેવાની છે.

**પ્રશ્નપત્રો માટે** - તા.૨૮-૦૩-૧૬ના રોજ બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ દરમ્યાન પોતાની ઝોન ઓફિસેથી મેળવી લેશો. પરિણામપત્રકોપણ સાથે આપવામાં આવશે. ઝોન ઓફિસમાં નીચે મુજબ આસિ.ઓર્ગે.કમિશનરશ્રીઓનો સંપર્ક કરશો.

| **ઝોન** | **આસિ.ઓર્ગે. કમિશનરશ્રીનું નામ** | **મોબાઈલ નંબર** |
|---|---|---|
| પૂર્વ | શ્રી પ્રકાશભાઈ એમ. પટેલ | ૯૭૨૪૩૩૦૨૧૦ |
| પશ્ચિમ | શ્રી દિવ્યેશભાઈ આર.ભટ્ટ | ૭૬૨૩૯૨૭૫૭૫ |
| ઉત્તર | શ્રી ચિમનભાઈ ઝેડ. તડવી | ૯૭૧૨૯૧૯૭૫૨ |
| દક્ષિણ | શ્રી સંજયભાઈ પી. શુક્લ | ૯૭૨૪૩૩૦૨૦૫ |
| હિન્દી | શ્રી રાજેન્દ્રસિંહ એસ. રાઠોડ | ૯૭૧૨૯૪૫૫૬૧ |
| ઉર્દૂ | શ્રી જગદીશભાઈ પી. મહાવર | ૯૯૨૫૪૮૦૧૯૬ |

જવાબો લાલ પેનથી તપાસવાના છે. પ્રશ્નપત્ર તપાસ્યા બાદ પરિણામપત્રક તૈયાર કરવાનું છે. પરિણામપત્રકમાં દર્શાવેલ તમામ ખાના ચોકસાઈથી ભરવા. ચેકચાક ન થાય તે જોવું. મૌખિક તથા લેખિતનો સરવાળો ૩૫ ગુણ થી વધુ હોય તો લાલપેનથી ‘સફળતા મળી છે’ લખવું. ૩૫ ગુણથી ઓછા ગુણ હોય તો વાદળી પેનથી ‘સફળતા મળી નથી’ તેમ લખવું. કોઈ પ્રકારના માર્ગદર્શનની જરૂર હોય તો તેમના આસિ.ઓર્ગે.કમિ.શ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

**પરિણામપત્રક ચેક કરાવવા માટે :-** તા.૧૮-૪-૧૬ના રોજ સ્કાઉટભવન, પાલડી ખાતે ૧૧-૦૦ થી ૫-૦૦ દરમ્યાન પોતાની બીટના આસિ.ઓર્ગે.કમિશનરશ્રીઓ પાસે ચેક કરાવી લેવું. સ્કાઉટના જે બાળકો તમારી શાળામાંથી અન્ય શાળામાં જવાના હોય તેવા બાળકોના સર્ટી. મેળવી તૈયાર કરી સહિ/સિક્કા કરાવી લેવા.નવા સત્રનું હાજરી પત્રક મેળવી લેવું.

આ પરિપત્રની નોંધ તમારી શાળાનાં સ્કાઉટીંગ પ્રવૃત્તિ ચલાવતા તમામ શિક્ષકોને લેવડાવશો અને પરિપત્ર મુજબ અમલ થાય તે જોવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે. વધુ માહિતી માટે ઓર્ગે.કમિશનરશ્રી કપૂરકુમાર આર. વર્માનો સંપર્ક કરશો. મો.નં. : ૭૨૨૭૮૦૩૬૭૮, સ્કાઉટભવન નંબર ૦૭૯-૨૬૬૭૦૨૪૩

તા.૧૯-૩-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૬૮ તા.૧૯-૩-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- આંતરઝોન(શહેર) કક્ષાની સોનાબા શાહ વકતૃત્વ સ્પર્ધા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે સ્કૂલ બોર્ડ અને રોટરી કલબ અમદાવાદ મેટ્રોના સંયુકત ઉપક્રમે પરિપત્ર નં.૫૫/તા.૬-૮-૧૫ મુજબ ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ''સોનાબા શાહ'' વકતૃત્વ સ્પર્ધા શાળા કક્ષાએ યોજાઈ હતી. ત્યારબાદ બીટ તેમજ ઝોન કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. હવે ઝોન કક્ષાએ વિજેતા બાળકોની આંતરઝોન(શહેર) કક્ષાની વકતૃત્વ સ્પર્ધા તા.૨૬-૩-૧૬ને શનિવારના રોજ સવારના ૭-૪૫ કલાકે ટાઉન હૉલ, એલિસબ્રીજ ખાતે ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાનાર છે.

આ કાર્યક્રમમાં નીચેની વિગતે જણાવેલ વિદ્યાર્થીઓ , શિક્ષકો, મુખ્ય શિક્ષકો, સી.આર.સી.કો.ઓ., સુપરવાઈઝરશ્રીઓ તથા અધિકારીશ્રીઓએ બિનચૂક હાજર રહી જણાવેલ ભૂમિકા ભજવવી.

| ક્રમ | અપેક્ષિતશ્રીઓ | સંખ્યા | અપેક્ષિત કાર્યફરજ |
|---|---|---|---|
| ૧ | ઝોન કક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય વિજેતા વિદ્યાર્થીઓ | ૧૮ | વક્તા તરીકે. |
| ૨ | ઝોન કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓનાં વાલીઓ અને વિદ્યાર્થીઓને તૈયાર કરાવનાર શિક્ષક | ૩૬ | શ્રોતા તરીકે |
| ૩ | શાળાકક્ષાએ પ્રથમ નંબરે વિજેતા વિદ્યાર્થીઓ | ૨૯૦ | શ્રોતા તરીકે |
| ૪ | તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ | ૪૫૫ | શ્રોતા તથા શાળામાંથી આવનાર ૨૯૦ શાળાના બાળકો માટે એસ્કોર્ટ પર્સનની ભૂમિકા |
| ૫ | સી.આર.સી.કો.ઓ./ યુ.આર.સી.કો.ઓ. | ૪૩ | હૉલમાં હરોળબદ્ધ બેઠક વ્યવસ્થા કરાવવી. |
| ૬ | વર્ષ-૨૦૧૩ થી ૨૦૧૬ સુધીનાં નવનિયુકત વિદ્યાસહાયકો | ૩૩૩ | શ્રોતા તરીકે |
| ૭ | સુપરવાઈઝરશ્રીઓ/આસિ.એ.ઓ.શ્રી,ડે.એ.ઓ.શ્રી | ૨૦ | કચેરીએ જણાવેલ ફરજ માટે |

સૌ મુખ્ય શિક્ષકો, શિક્ષકશ્રીઓ તથા વાલી-વિદ્યાર્થીઓએ મોડામાં મોડા સવારે ૭-૪૫ કલાકે હાજર રહેવાનું રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયેથી મુખ્ય શિક્ષક, શિક્ષકોએ વિદ્યાર્થીઓને શાળામાં પહોંચાડ્યા પછી જ જવાનું રહેશે.

તા.૧૯-૩-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી